# BUSINESS મિત્ર

### ક્રૂડ તેલ $૯૦ પાર અને આઇટીમાં ભારે વેચવાલીથી શેરબજાર સતત છઠ્ઠા દિવસે તૂટ્યું

# આઇટી સેકટરમાં ધોવાણ ચાલુ: રોકાણકારોના રૂ. 2.77 લાખ કરોડ સ્વાહા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 18:** ટ્રમ્પના નિવેદનને કારણે ઈરાન સાથેના સમાધાન અને ક્રુડ ઓઈલના ભાવોના ઉછાળાની અસર એશિયન બજારની સાથે ભારતીય શેરબજારમાં જોવા મળી હતી અને ભારતીય શેરબજાર સતત છઠ્ઠા દિવસે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટી 24150 પોઈન્ટની નજીક બંધ રહી હતી. આમ, વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના કારણે ભારતીય શેરબજાર સતત છઠ્ઠા દિવસે નરમ બંધ રહ્યા હતા.

સેકટર વાઇઝ જોઇએ તો આઇટી સેકટરમાં ભારે વેચવાલી જોવા મળી હતી, જેના કડાકાની પાછળ આજે રોકાણકારોના રૂ. 2.77 લાખ કરોડ સ્વાહા થઇ ગયા હતા. આજે નિફ્ટી આઇટી ઈન્ડેક્સ બે ટકા ઘટ્યો હતો. જ્યારે નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ એક ટકા ઘટી હતી, જ્યારે નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં સુધારો જોવાયો હતો. જ્યારે નિફ્ટી પ્રાઈવેટ બેન્ક નરમ બંધ રહ્યા હતા. આજે પણ કેટલાક સેકટરને બાદ કરતા મોટા ભાગના ઈન્ડીસીસ લાલ રંગમાં બંધ રહ્યા હતા. જોકે, આજે નિફ્ટી વીકલી એકસપાયરી હતી, તેમ છતાં આજે સાંકડી વધઘટ જોવા મળી હતી અને નીચલા સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 492.70 પોઈન્ટ એટલે કે 0.63 ટકા ઘટીને 77235.46 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77575 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 77234 પોઈન્ટ સુધી ઘટી હતી. નિફ્ટીએ 24200 પોઈન્ટની સપાટી તોડીને નરમ બંધ રહી હતી. આજે નિફ્ટી 132.75 પોઈન્ટ એટલે કે 0.55 ટકા ઘટીને 24154.90 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24269 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24154 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 235.40 પોઈન્ટ એટલે કે 0.41 ટકા ઘટીને 57262.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે બીલીયનબ્રેઈન્સ ગેરેજ વેન્ચર્સમાં 44.76 ગણા, સ્કેલન્ડર ઈન્ડિયામાં 42.71 ગણા, પીઆઈ ઈન્ડ.માં 17.38 ગણા, આવાસ ફાઈનાન્સીયલ્સમાં 5.76 ગણા, આલકેમ લેબમાં 5.44 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ટ્યુબ ઈન્વેસ્ટમેન્ટમાં 11.36 ગણા, એકશન કન્સ્ટ્રકશનમાં 4.63 ગણા, ઝેન ટેકનોમાં 4.51 ગણા, વેલસ્પન લીવીંગમાં 4.26 ગણા અને પ્રાઈમ ફોકસમાં 3.77 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નરમાઈ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.35 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.19 ટકા ઘટ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી છે. બીએસઈ ખાતે 1938 શેરો વધ્યો હતો, જ્યારે 2378 શેરો ઘટયા હતા, જ્યારે 231 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ માર્કેટની વાત કરીએ તો વૈશ્વિક અનિશ્ચિતતામાં કોઈ સુધારો નહીં આવતા ક્રુડ ઓઈલના ભાવ ઉછળ્યા હતા, જે ફરી એકવાર 90 ડોલરની સપાટી કુદાવી દીધી છે.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં વેચાણ વધ્યું હતું અને બે સપ્તાહના નીચલા સ્તરે પહોંચી ગયું હતું. જેનું મુખ્ય કારણ મીડલ ઈસ્ટની સ્થિતિ જોખમી બની છે. આ કારણોસર ક્રુડ ઓઈલના ભાવ 90 ડોલરને પાર નીકળીને 91 ડોલર ઉપર પહોંચી ગયા છે. આની સાથે એશિયન બજારો પણ લાલ નિશાનમાં રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.23 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.42 ટકા અને ડેક્સ 0.26 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.54 ટકા, સ્ટ્રેઈટસ 1.18 ટકા, તાઈવાન 1.21 ટકા, કોસ્પી 1.57 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.19 ટકા, જકાર્તા 0.74 ટકા અને હેંગસેંગ 0.03 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## ડોલરમાં વધુ મજબૂતાઇ

ક્રુડ ઓઇલના સતત ઉછળી રહેલા ભાવોની અસર કરન્સી બજારમાં જોવાઇ હતી. આજે રૂપિયો વધુ નબળો પડયો હતો. ડોલરની સામે રૂપિયો 6 પૈસા ઘટીને 95.68ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.62ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.25, પાઉન્ડ 129.29, કેનેડિયન ડોલર 68.83, ઓસ્ટ્રેલિયન ડોલર 67.93, જાપાનીઝ યેન 0.5993, સીંગાપોર ડોલર 74.75ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.68 રૂ. |
| યુરો | 111.25 રૂ. |
| પાઉન્ડ | 129.29 રૂ. |
| યેન | 0.5993 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -492.70 | 77235.46 |
| નિફ્ટી | -132.75 | 24154.90 |
| બેન્ક નિફ્ટી | -235.40 | 57262.40 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 1.28 | 1243.00 |
| મેક્સ હેલ્થકેર | 1.07 | 1014.40 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.92 | 3421.50 |
| ગ્રાસીમ ઇન્ડ. | 0.87 | 3278.70 |
| પાવરગ્રીડ | 0.70 | 268.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીએમપીવી | 2.24 | 322.80 |
| એશિયન પેઇન્ટસ | 2.20 | 2528.40 |
| ઇન્ફોસીસ | 2.18 | 178.06 |
| વિપ્રો | 2.11 | 178.06 |
| એચસીએલ ટેકનો | 2.04 | 1298.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 0.89 | 1241.00 |
| પાવરગ્રીડ | 0.66 | 267.80 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.47 | 3416.00 |
| બજાજ ફાઇનાન્સ | 0.27 | 1092.95 |
| લાર્સન-ટુબ્રો | 0.15 | 4082.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 2.40 | 2530.25 |
| ઇન્ફોસીસ | 2.02 | 1115.00 |
| એચસીએલ ટેકનો | 1.93 | 1300.00 |
| ભારતી એરટેલ | 1.75 | 1935.00 |
| ટીસીએસ | 1.47 | 2281.00 |

# ડિજિટલ યુગમાં પણ કેશ કિંગ

**આરબીઆઈ** માટે રોકડની માગનું અનુમાન લગાવવું મુશ્કેલ બન્યું

**ચલણમાં** રહેલી રોકડમાં બે આંકડાનો વધારો

**દેશમાં** 176 અબજ બેંકનોટો ચલણમાં

નવી દિલ્હી, તા. 18: ભારતમાં ડિજિટલ પેમેન્ટનો વ્યાપ ઝડપથી વધી રહ્યો હોવા છતાં, રોકડ પર દેશની નિર્ભરતા ઘટી નથી. બલ્કે, ચલણમાં રહેલી રોકડ રકમમાં સતત બે આંકડામાં (દસ ટકાથી વધુના દરે) વધારો થઈ રહ્યો છે. આ પરિસ્થિતિને કારણે ભવિષ્યમાં રોકડની માગ કેટલી રહેશે તેનું અનુમાન લગાવવું રિઝર્વ બેંક માટે વધુ મુશ્કેલ બની રહ્યું છે, તેમ આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર શિરીષ ચંદ્ર મુર્મુએ જણાવ્યું હતું.

શિરીષ મુર્મુના જણાવ્યા મુજબ, ચલણમાં રહેલી રોકડમાં કોઈ ઘટાડો થયો નથી. ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારો, ઓછી આવક ધરાવતા વર્ગો, વરિષ્ઠ નાગરિકો અને નાના વેપારીઓમાં હજુ પણ રોકડની માગ જળવાઈ રહી છે. હાલ ભારતમાં આશરે 176 અબજ બેંકનોટો ચલણમાં છે. આરબીઆઈ દર વર્ષે 28 થી 30 અબજ નવી નોટોનું ઉત્પાદન કરે છે અને આશરે 21 અબજ જૂની કે ખરાબ નોટોનો નિકાલ કરે છે. ભારતમાં નાની મૂલ્યની નોટોનો વપરાશ વધુ હોવાથી, સમાન રકમના વ્યવહારો માટે વધુ સંખ્યામાં નોટોની જરૂર પડે છે.

નોટ ઉત્પાદન, બદલી અને વિતરણની વ્યવસ્થાને સુચારૂ રાખવા માટે આરબીઆઈ નોટોની આયુષ્ય વધારવાના વિકલ્પો પણ શોધી રહી છે. આ માટે 10 અને 20 રૂપિયા મૂલ્યની 1-1 અબજ પોલિમર (પ્લાસ્ટિક) નોટોના ફિલ્ડ ટ્રાયલને મંજૂરી આપવામાં આવી છે. સફળ પરીક્ષણ બાદ નાણાકીય વર્ષ 2028 (FY28) ની શરૂઆતથી આ પોલિમર નોટોને ચલણમાં લાવવાનું લક્ષ્ય છે. ડિજિટલ યુગમાં પણ રોકડ ચૂકવણીનું મહત્વ જળવાઈ રહેતાં, બેંકનોટોનું અવિરત ઉત્પાદન અને વિતરણ આરબીઆઈ માટે એક સતત ચાલતી જવાબદારી બની રહી છે.

## સતત ત્રીજા દિવસે ક્રૂડના ભાવમાં તેજી

મુંબઈ, તા. 18: અમેરિકા દ્વારા ઈરાન યુદ્ધનો અંત લાવવા માટે કોઈ ઉતાવળ ન હોવાના સંકેત મળતાં સતત ત્રીજા દિવસે ક્રૂડના ભાવમાં તેજી જોવા મળી હતી. બ્રેન્ટ ક્રૂડ $91 ની ઉપર પહોંચી ગયું. જુલાઈના અંત પછી બ્રેન્ટ ક્રૂડ તેના ઉચ્ચતમ સ્તર પર બંધ થયા પછી, $91 પ્રતિ બેરલથી ઉપર પહોંચી ગયું હતું, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ $85 ની નજીક ટ્રેડ થઈ રહ્યું હતું.

મંગળવારે સતત ત્રીજા સત્રમાં તેલના ભાવ વધ્યા હતા અને એક સમયે 91 ડોલરને પાર કરી ગયા હતા કારણ કે યુએસ-ઈરાન યુદ્ધના નજીકના ગાળાના ઉકેલની સંભાવના ઓછી થઈ ગઈ હતી, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે વોશિંગ્ટન તેહરાન સાથે કરાર લંબાવવા માટે ઉતાવળમાં નથી.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫ | ૫૦/૩૬ '' | ૧૪૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧.૨૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૮ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૬ |
| ૬૮/૩૬ | ૧૫૧ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૫૫.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૯ | ૧૦૦ ટેક્ષ | ૧૪૭ | ૬૮ ક્રિમ્પ | ૧૫૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૭ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૮ | ૮૦/૭૨ રોટો | ૧૫૪.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૦ | ૮૦ ક્રિમ્પ | ૧૪૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૩ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૦ | ૮૦/૭૨ રોટો | ૧૫.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૪ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૪૬ | ૮૦/૧૦૮ '' | ૧૫૩ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૨ |

## ખાંડમાં આયાત ડ્યુટી ઘટાડવાનું વિચારી રહેલી સરકાર

**તહેવારો** પહેલા ખાંડના વધતા ભાવોને નિયંત્રણમાં લાવવાના પ્રયત્ન

મુંબઈ, તા. 18 : સરકાર ખાંડના ઐતિહાસિક સપાટીએ પહોંચેલા ભાવોને કાબુમાં રાખવા માટે આયાત ડ્યુટી ઘટાડવાનું વિચારી રહ્યું છે. ભારત વિશ્વનું બીજા ક્રમનું સૌથી મોટું ખાંડ ઉત્પાદક દેશ છે.

હાલમાં ખાંડના ભાવમાં આવેલી તેજીને કાબુમાં લેવા માટે ખાંડ પરની આયાત ડ્યુટી ઘટાડવા વિચારણા ચાલી રહી છે.

સ્થાનિક પુરવઠો વધારવાના પ્રયાસમાં અધિકારીઓ ઈનબાઉન્ડ શિપમેન્ટ પર ટેક્સ રદ કરવાના પ્રસ્તાવો પર વિચાર કરી રહ્યા છે, તેમ નામ ન આપવાની શરતે સૂત્રોએ જણાવ્યું હતું કારણ કે ચર્ચાઓ ગુપ્ત છે. તહેવારોની મોસમમાં ખાંડની માંગમાં મોસમી વધારા પહેલા આ ચર્ચા કરવામાં આવી છે, જે વધતા ભાવોને અંકુશમાં લેવા માટે પ્રોત્સાહન ઉમેરશે.

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૧૦૦ |
| તેજાબી સોનું | ૧૫૯૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૧૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૫૯૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૫૦૦ |


એકશન થ્રીલર, દેશભક્તિ ફિલ્મ

બટવારા 1947




સન્ની દેઓલ, પ્રિતિ ઝીન્ટા

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

રોમાંચક લવસ્ટોરી

આવારાપન - 2




ઈમરાન હાશ્મી, ઈશા પટની

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત




આવારાપન - 2

૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૦, ૬.૧૫, ૭.૪૫, રાત્રે : ૯.૦૦, ૧૦.૩૦

બટવારા 1947

૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, રાત્રે : ૧૦.૦૦

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA

૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

☎: 99984 46007 : @applecinemasurat

Book Tickets Now from : bookmyshow.com paytm




બટવારા 1947

૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૩.૦૦, ૪.૦૦, ૫.૧૫, ૬.૧૦, રાત્રે: ૮.૦૦, ૯.૦૦, ૧૦.૧૦, ૧૦.૪૫




આવારાપન-2

૮.૫૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૦, ૩.૨૫, ૪.૫૦, ૫.૪૫, ૬.૧૫, ૭.૨૫, રાત્રે: ૮.૨૫, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦



સ્પાઈડર મેન (હિન્દી) ૯.૦૦, ૧.૩૦, ૩.૩૦, ૬.૧૦, રાત્રે: ૮.૫૦

મારણ ગુજરાતી : સવારે ૧૧.૩૫

ગેટ સેટ ગો ગુજરાતી : સવારે ૯.૦૦

The End of Oak Street (હિન્દી) ૧૧.૩૫, ૧.૨૫, ૪.૧૦

હીપ હીપ હુર્રે ગુજરાતી: ૯.૩૫, ૨.૧૦, ૭.૨૫

ધમાલ-4 ૧૨.૪૫, ૪.૫૦, ૬.૪૫



**GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED**

Transmission Circle Office, 220kV Navsari Sub-station, N. H. 48, Kabilpore, Navsari - 396427

GETCO: www.getcogujarat.com Dept- https://www.nprocure.com

**Tender Notice No. TCNS/TN-08:26-27**

**[A] Electrical (Projects):**- (1) TCNS-ETP-08-2026_Jiav-II line_ID_305727 (2) TCNS-ETP-17-2026_ Rate contract_ TR lines_ Navsari Const_Sdn ID_ 323939 (3) TCNS-ETP-19-2026_Down stream network of 220 kV Kudiyana SS_ ID_329181 (4) TCNS-ETP-20-2026_ARC for FB_ Vav Construction Subdivision_ID_329206 (5) TCNS-ETP-21-2026_ Sisodara SS_ID_329799 (6) TCNS-ETP-22-2026_ARC for FB_ Vapi Construction Subdivision_ID_329841 (7)TCNS-ETP-23-2026_ARC for FB_ Bhestan Construction Subdivision_ID_329982 (8) TCNS-ETP-24-2026_Rajpuri Talat SS_ID_330007 (9) TCNS-ETP-25-2026_66 kV Vapi GIDC(CETP) SS_330026 (10) TCNS-ETP-26-2026_Degam SS_ID_330068 (11) TCNS-ETP-27-2026_Karwad SS_330139 (12) TCNS-ETP-28-2026_Bhatpore SS_ID_331481 (13) TCNS-ETP-29-2026_Vav Sdn Cable Tray_331524 (14) TCNS-ETP-30-2026_Bhestan Sdn Cable Tray_331544 (15) TCNS-ETP-31-2026_Degam line_336053 (16) TCNS-ETP-32-2026_ Sisodara line_ID_336131 (17) TCNS-ETP-33-2026_Kadodara II SS_ID_336183.

**[B] CIVIL:** (1)TCNS-ET-CIVIL-36-2627 Regular Vehicle DE(Civil) Ichhapore(ID-333607).

Above Tender are available on web-site www.getcogujarat.com (for view and download only) & https://getco.nprocure.com & getcotender.nprocure.com (For view, download and on line tender submission).

Note : Bidders are requested to be in touch with our website till opening of the Tender.

**19/08/2026Superintending Engineer, Navsari**



## જાહેર નિવિદા નં. ૧૫ / ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઈ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના એમ.એમ.જી.એસ.વાય ૨૦૨૬-૨૭ અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.

(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.

(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઈજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ | ૧૮/૦૮/૨૦૨૬ |
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય | ૩૧/૦૮/૨૦૨૬, ૧૮.૦૦ કલાક |
| પ્રિ-બીડ મીટીંગની તારીખ | ૨૫/૦૮/૨૦૨૬ |
| બીડ ખોલવાની તારીખ | ૩૧/૦૮/૨૦૨૬, ૧૮.૧૦ કલાક |

| ક્રમ | કામનું નામ | રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ૧ | કન્સ્ટ્રકશન ઓફ વેરીયસ રોડ ઈન આહવા તાલુકા જી.ડાંગ પેકેજ નં.૭ (કુલ-૨ રોડ ૧.૪૦ કિ.મી.) (૧) રીસરફેસીંગ ઓફ હેદીપાડા ફળિયા જાખાના રોડ કિ.મી. ૦/૦ ટુ ૧/૦૦૦ (૨) રીસરફેસીંગ ઓફ ગલકૂંડ ટુ સ્કુલ રોડ કિ.મી. ૦/૦ ટુ ૦/૪૦૦ તા.આહવા જી.ડાંગ | ૫૬.૬૪ | ૨૪૦૦ |
| ૨ | રીસરફેસીંગ ઓફ બીલીઆંબા ટુ નવાપાડા ફળિયા રોડ કિ.મી. ૦/૦ ટુ ૧/૬૦૦ તા.સુબીર જી.ડાંગ | ૯૩.૦૮ | ૨૪૦૦ |
| ૩ | રીસરફેસીંગ ઓફ જોગબારી આંગણવાડી ટુવર્ડ રોડ કિ.મી. ૦/૦ ટુ ૧/૦૦૦ તા.આહવા જી.ડાંગ | ૪૩.૯૦ | ૧૫૦૦ |
| ૪ | રીસરફેસીંગ ઓફ પાદલખડી મેઈન રોડ ટુ સ્મશાન ટુવર્ડ રોડ કિ.મી. ૦/૦ ટુ ૧/૫૦૦ તા.સુબીર જી.ડાંગ | ૬૦.૬૦ | ૨૪૦૦ |
| ૫ | કન્સ્ટ્રકશન ઓફ વેરીયસ રોડ ઈન આહવા તાલુકા જી.ડાંગ પેકેજ નં.૩ (કુલ-૨ રોડ ૧.૪૦ કિ.મી.) (૧) રીસરફેસીંગ ઓફ હનવતચોંડ વી.એ.રોડ કિ.મી. ૦/૦ ટુ ૦/૬૦૦ (૨) રીસરફેસીંગ ઓફ કુવા ફળિયા વાંવદા રોડ કિ.મી. ૦/૦ ટુ ૦/૮૦૦ તા.આહવા જી.ડાંગ | ૬૦.૯૭ | ૨૪૦૦ |
| ૬ | કન્સ્ટ્રકશન ઓફ વેરીયસ રોડ ઈન આહવા તાલુકા જી.ડાંગ પેકેજ નં.૨ (કુલ-૨ રોડ ૦.૮૦ કિ.મી.) (૧) રીસરફેસીંગ ઓફ વાંઝીટેબુન વી.એ.રોડ કિ.મી. ૦/૦ ટુ ૦/૬૦૦ (૨) રીસરફેસીંગ ઓફ મુરૂમવિહિર વી.એ. રોડ (મોરઝીરા) કિ.મી. ૦/૦ ટુ ૦/૨૦૦ તા.આહવા જી.ડાંગ | ૪૯.૪૧ | ૧૫૦૦ |

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ
આહવા

ક્રમાંક: માહિતી/ડાંગ/૮૦/૨૦૨૬.


# ડોનાલ્ડ ટ્રમ્પ દક્ષિણ કોરિયાના ભોગે ઉત્તર કોરિયાને ખુશ કરવા મથી રહ્યા છે



યુદ્ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

રાજકારણમાં કોઈ કાયમી શત્રુ હોતા નથી કે કાયમી મિત્ર પણ હોતા નથી. આ વાત દક્ષિણ કોરિયા, અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચેના સંબંધો બાબતમાં સાચી પડી રહી છે. દક્ષિણ કોરિયા દાયકાઓથી અમેરિકાનું સાથી છે અને ઉત્તર કોરિયા તેનું દુશ્મન છે. દક્ષિણ કોરિયામાં અમેરિકાનું લશ્કરી મથક છે, જેમાં હજારો અમેરિકન સૈનિકોને રાખવામાં આવ્યા છે. આ સૈનિકો ઉત્તર કોરિયાથી દક્ષિણ કોરિયાનું રક્ષણ કરવા ઉપરાંત ચીન અને જપાન પર અમેરિકાનો દાબ જાળવી રાખવાનું કામ કરે છે. ઉત્તર કોરિયા ચીનની નજીક છે અને તેનો અણુ કાર્યક્રમ અમેરિકાની તાકાત સામે મોટો પડકાર છે. તેમ છતાં અમેરિકાના સ્વાર્થ ખાતર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઉત્તર કોરિયાની નજીક સરકી રહ્યા છે અને દક્ષિણ કોરિયા સાથેનું અંતર વધારી રહ્યા છે. તાજેતરમાં અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે મળીને લશ્કરી ક્વાયત કરી રહ્યા છે, જેનો ઉદ્દેશ શક્તિનું પ્રદર્શન કરવાનો છે. ડોનાલ્ડ ટ્રમ્પે પહેલાં તો ઉત્તર કોરિયાને સારું લગાડવા આ ક્વાયત બંધ રાખવાનો આદેશ કર્યો, પણ તેની તૈયારીઓ થઈ ચૂકી હોવાથી તેને મર્યાદિત રાખવાનો હુકમ કર્યો. આ ક્વાયત શરૂ થઈ તેના ગણતરીના દિવસ પહેલાં ઉત્તર કોરિયા દ્વારા બે વખત બેલાસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ પરીક્ષણથી ગભરાઈ ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પ ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિંગ જોન ઉનને સારું લગાડવા સોશિયલ મીડિયામાં તેમની સાથેના ફોટા પોસ્ટ કરી રહ્યા છે.

અમેરિકા દ્વારા દક્ષિણ કોરિયામાં જે લશ્કરી મથક સ્થાપવામાં આવ્યું છે, તેનો ઉદ્દેશ માત્ર દક્ષિણ કોરિયાનું રક્ષણ કરવાનો નથી, પણ અમેરિકાનાં આ ક્ષેત્રમાં વ્યૂહાત્મક હિતોનું રક્ષણ કરવાનો પણ છે. હવે ડોનાલ્ડ ટ્રમ્પ એવી રજૂઆત કરી રહ્યા છે કે લશ્કરી મથકનું સંચાલન કરીને તેઓ દક્ષિણ કોરિયા ઉપર કોઈ મહાન ઉપકાર કરી રહ્યા હોય. તાજેતરની એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે ફરિયાદ કરી હતી કે મારા રાષ્ટ્રપતિ તરીકેના પ્રથમ સત્ર દરમિયાન દક્ષિણ કોરિયા તેની સુરક્ષા બદલ વાર્ષિક ૩ અબજ ડોલર ચૂકવતું હતું; પણ જો બિડેનના વહીવટ દરમિયાન આ રકમ માફ કરવામાં આવી હતી. ત્યાર બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ફરિયાદ કરી હતી કે તેમ છતાં તાજેતરના ઈરાન સાથેનાં યુદ્ધમાં દક્ષિણ કોરિયાએ અમેરિકાની મદદ કરવાનો સાફ ઇનકાર કરી દીધો હતો.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે પેન્ટાગોનને દક્ષિણ કોરિયા સાથેની સંયુક્ત લશ્કરી કવાયતોમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ ૧૧ દિવસીય કવાયતોમાં ૧૮,૦૦૦ દક્ષિણ કોરિયાઈ સૈનિકો સામેલ છે. તે ઉત્તર કોરિયાની ધમકીઓ સામે દક્ષિણ કોરિયાની લશ્કરી તૈયારીઓને મજબૂત બનાવવા માટે કરવામાં આવી હતી. આ સંયુક્ત તાલીમ એવા સમયે આવી છે, જ્યારે ઉત્તર કોરિયાએ બેલિસ્ટિક મિસાઇલનું પરીક્ષણ કરવાની પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી છે, જેના પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ મહિનાની શરૂઆતમાં દક્ષિણ કોરિયા, અમેરિકા અને જાપાને ઉત્તર કોરિયા તરફથી ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઇલનું પ્રક્ષેપણ શોધી કાઢ્યું, જે જૂનના અંત પછી તેનું પ્રથમ બેલિસ્ટિક શસ્ત્ર પરીક્ષણ છે.

જાપાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાએ બુધવારે તેના પૂર્વ કિનારાથી જાપાનના સમુદ્ર તરફ એક શંકાસ્પદ બેલિસ્ટિક મિસાઇલ છોડી હતી. આ મિસાઇલ સમુદ્રમાં પડી ગઈ હતી. આ ઘટના એક અઠવાડિયાથી ઓછા સમયમાં ઉત્તર કોરિયા દ્વારા શસ્ત્રનું બીજું પરીક્ષણ છે. આ મિસાઈલ પ્રક્ષેપણ દક્ષિણ કોરિયા અને અમેરિકાએ મોટા પાયે વાર્ષિક લશ્કરી કવાયત શરૂ કરવાની જાહેરાત કર્યાના બે દિવસ પછી આવ્યું છે, જેનો હેતુ ઉત્તર કોરિયા તરફથી સંભવિત ખતરાઓનો સામનો કરવા માટે તેમની લશ્કરી તૈયારીઓને મજબૂત બનાવવાનો છે. ઉત્તર કોરિયાએ અગાઉ દક્ષિણ કોરિયા અને અમેરિકાની લશ્કરી કવાયતો દરમિયાન શસ્ત્રોનું પરીક્ષણ કર્યું છે. આવા પ્રસંગોએ ઉત્તર કોરિયા દ્વારા કડક નિવેદનો જારી કરવામાં આવ્યાં છે. તેથી જ આ મિસાઇલ પ્રક્ષેપણને પ્રદેશમાં ચાલી રહેલી લશ્કરી પ્રવૃત્તિઓના સંદર્ભમાં જોવામાં આવી રહ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પની આ જાહેરાત એક ફોટો સામે આવ્યાના એક દિવસ પછી આવી છે, જેમાં તેઓ કિમ જોંગ ઉન સાથે ઊભા હતા. તેમણે લખ્યું હતું કે જ્યારે તેઓ આ ફોટામાં મૈત્રીપૂર્ણ દેખાતા નથી, ત્યારે બંને નેતાઓ વચ્ચે સારા સંબંધો છે. ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન કિમને ત્રણ વખત મળ્યા હતા. ૨૦૧૯ માં કિમ જોંગ ઉન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મહત્ત્વપૂર્ણ વાટાઘાટો નિષ્ફળ ગયા પછી ઉત્તર કોરિયા તેના પરમાણુ અને મિસાઇલ ભંડારમાં વધારો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

નિષ્ણાતો માને છે કે કિમ જોંગ ઉન માને છે કે મોટા શસ્ત્રાગાર રાખવાથી ભવિષ્યની વાટાઘાટોમાં અમેરિકા તરફથી વધુ છૂટ મેળવવાની શક્યતાઓ વધશે. શુક્રવારે ઉત્તર કોરિયાએ અમેરિકા અને દક્ષિણ કોરિયા સામે કડક પગલાં લેવાની ધમકી આપી હતી અને તેમની લશ્કરી કવાયતોને આક્રમક યુદ્ધ માટે રિહર્સલ ગણાવી હતી, જે પ્રદેશમાં અસ્થિરતા વધારી રહી છે. ઉત્તર કોરિયા ઘણીવાર તેના હરીફોની લશ્કરી કવાયતોનો ઉપયોગ તેના હથિયારોના ભંડારમાં વધારો કરવા માટે અને તેના અલગ પડેલા નેતા માટે જાહેર સમર્થન મેળવવા માટે કરે છે.

૧૯૫૩ની પરસ્પર સંરક્ષણ સંધિ હેઠળ અમેરિકા દક્ષિણ કોરિયાની સુરક્ષા માટે જવાબદાર છે. દક્ષિણ કોરિયામાં નોંધપાત્ર સંખ્યામાં અમેરિકન સૈનિકો તૈનાત છે. બંને દેશો દર વર્ષે મોટા પાયે લશ્કરી કવાયતો કરે છે, જે ઉત્તર કોરિયાના મિસાઇલ જોખમો સામે તૈયારી કરવા માટે કરવામાં આવે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણ કોરિયા સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. દક્ષિણ કોરિયા અમેરિકાના સૌથી મહત્ત્વપૂર્ણ સાથીઓમાંનું એક રહ્યું છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન યુદ્ધના મુદ્દાથી ખુશ નથી. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેમણે પોતે દક્ષિણ કોરિયાના નેતૃત્વનો ફોન દ્વારા પર સંપર્ક કર્યો હતો અને ઈરાનમાં અમેરિકન સૈન્ય માટે મદદ માંગી હતી. આ અંગે દક્ષિણ કોરિયાએ ઈરાન સામે કોઈપણ પ્રકારની લશ્કરી સહાય પૂરી પાડવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે ભવિષ્યમાં દક્ષિણ કોરિયા અને અમેરિકા વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયતો ઘટાડવાની પણ વાત કરી છે. તેમણે કહ્યું છે કે અમેરિકા હવે દક્ષિણ કોરિયા માટે અબજો ડોલર ખર્ચ કરશે નહીં.

ડોનાલ્ડ ટ્રમ્પ અને કિમ જોંગ ઉન વચ્ચેની પહેલી મુલાકાત જૂન ૨૦૧૮માં સિંગાપોરમાં થઇ હતી. બંને નેતાઓ બીજી વખત ફેબ્રુઆરી ૨૦૧૯માં વિયેતનામમાં મળ્યા હતા. તેમની ત્રીજી મુલાકાત જૂન ૨૦૧૯માં પાનમુનજોમમાં થઇ હતી, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ ઉત્તર કોરિયાની મુલાકાતે ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે પોતાના X એકાઉન્ટ પર પાનમુનજોમમાં થયેલી તેમની કિમ જોંગ ઉન સાથેની મુલાકાતનો ફોટો શેર કર્યો હતો, જેમાં તેમણે કિમ જોંગ ઉનની પ્રશંસા કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની પોસ્ટ એવા સમયે આવી છે, જ્યારે તેમના વહીવટીતંત્રે વારંવાર કિમ જોંગ ઉન સાથે બિનશરતી વાટાઘાટો માટે તૈયારી દર્શાવી છે. તાજેતરમાં કિમ જોંગ ઉન ચૂપચાપ બીજિંગ જઈ આવ્યા હતા અને ચીન સાથે સંરક્ષણ કરાર કરતા આવ્યા હતા. ઉત્તર કોરિયા ચીનની નજીક વધુ ન સરકી જાય તે માટે ડોનાલ્ડ ટ્રમ્પ દક્ષિણ કોરિયા સાથેના અમેરિકાના જૂના સંબંધોનો ભોગ આપીને પણ ઉત્તર કોરિયાને પોતાની નજીક ખેંચવાના જાતજાતના પ્રયાસો કરી રહ્યા છે.

ઓબામા વહીવટીતંત્રમાં પૂર્વ એશિયા અને પેસિફિક માટે સહાયક રાજ્ય સચિવ તરીકે સેવા આપી ચૂકેલા ડેની રસેલે જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાની તરફેણ કરવાનો ડોનાલ્ડ ટ્રમ્પનો નિર્ણય એવી શ્રેણીમાં આવે છે, જ્યાં તે પરિસ્થિતિને કેવી રીતે વધુ ખરાબ કરી શકે છે તે જોવું મુશ્કેલ છે. ડોનાલ્ડ ટ્રમ્પ એક સાથીને સજા આપી રહ્યા છે અને એક વિરોધીને પ્રોત્સાહન આપી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા અને દક્ષિણ કોરિયાની સુરક્ષાના ભોગે કિમ જોંગ ઉનને ગુસ્સે કરવાનું ટાળી રહ્યા છે. આ વલણ દક્ષિણ કોરિયાને શું સંદેશ આપે છે? દક્ષિણ કોરિયા દાયકાઓથી અમેરિકાનો નજીકનો સાથી રહ્યો છે. પરમાણુ શસ્ત્રો ધરાવતા ઉત્તર કોરિયા દ્વારા ઉભો થયેલો ખતરો જોતાં ત્યાં રાષ્ટ્રીય સુરક્ષા અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ઉત્તર કોરિયાએ તેના પરમાણુ કાર્યક્રમ અંગે અમેરિકા સાથે કોઈપણ વાટાઘાટોને ટાળી છે અને શસ્ત્રોનું પરીક્ષણ પણ વધાર્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ડોનાલ્ડ ટ્રમ્પે ભવિષ્યમાં દક્ષિણ કોરિયા અને અમેરિકા વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયતો ઘટાડવાની વાત કરી છે. તેમણે કહ્યું છે કે અમેરિકા હવે દક્ષિણ કોરિયા માટે અબજો ડોલર ખર્ચ કરશે નહીં**


## જાહેર નિવિદા નં. ૧૩ / ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઈ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના સુવિધાપથ ૨૦૨૬-૨૭ અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.

૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.

(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઈજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

(૩) સોલવંશી સર્ટિફિકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે..

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ | ૧૮/૦૮/૨૦૨૬ |
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય | ૩૧/૦૮/૨૦૨૬, ૧૮.૦૦ કલાક |
| પ્રિ-બીડ મીટીંગની તારીખ | ૨૫/૦૮/૨૦૨૬ |
| બીડ ખોલવાની તારીખ | ૩૧/૦૮/૨૦૨૬, ૧૮.૧૦ કલાક |

| ક્રમ | કામનું નામ | રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ૧ | કન્સ્ટ્રકશન ઓફ સી.સી. રોડ ઓન આહવા મેઈન રોડ ટુ એકલવ્ય સ્કુલ તરફ થી કબ્રસ્તાન થઈ મેઈન રોડ ચે. ૦/૦૦ થી ૦/૮૦૦ તા.આહવા જી.ડાંગ | ૧૧૨.૩૯ | ૩૬૦૦ |

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ
આહવા

ક્રમાંક: માહિતી/ડાંગ/૮૨/૨૦૨૬